# રાજ્યમાં કોરોનાનો કાળો કહેર, નવા ૮૭૫ કેસ

## રાજ્યમાં ૧૪નાં મોત : સુરતમાં કોરોનાના ૨૬૯ કેસ સામે આવ્યા : અત્યાર સુધી ૪૪૯૩૪૯ ટેસ્ટ કરવામાં આવ્યા, જ્યારે ૨૮૧૮૩ લોકોને ડિસ્ચાર્જ કરાયા : ૬૮ વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૧૦

રાજ્યમાં સતત બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૮૦૦ને વટાવી ૮૭૫ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૪૦ હજારને વટાવી ૪૦૧૫૫ થયો છે. રાજ્યમાં આજે કોરોનાને લીધે ૧૪ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક રાજ્યમાં ૨૦૨૪ થયો છે. રાજ્યમાં ૪૪૧ દર્દીઓ ડિસ્ચાર્જ આજે કરવામાં આવ્યા હતા. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૮૧૮૩ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં હાલની સ્થિતિએ એક્ટિવ કેસમાં ઝડપી વધારો થતા ૧૦ હજારની નજીક પહોંચતા ૯૮૮૦ કેસ નોંધાયા છે. રાજ્યમાં એક્ટિવ કેસમાં ૬૮ દર્દીઓ વેન્ટીલેટર પર અને ૯૮૮૦ સ્ટેબલ છે. રાજ્યાં છેલ્લા સપ્તાહમાં પાંચ દિવસ ૭૦૦ને પાર અને બે દિવસ ૮૦૦ને પાર કેસ નોંધાતા એક જ સપ્તાહમાં ૫૪૬૯ કેસો કોરોના પોઝિટિવના નોંધાતા આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના રાજ્યમાં ૭૬૫૭ ટેસ્ટ કરવામાં આવતા ૮૭૫ જેટલા વિક્રમી કોરોનાના કેસ નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૩ અને ગ્રામ્યમાં ૧, અરવલ્લી, ગાંધીનગર, જામનગર, જુનાગઢ કોર્પોરેસન અને મહેસાણામાં ૧-૧ મૃત્યુ સાથે કુલ ૧૪ મોત થયા છે. અમદાવાદ શહેરમાં આજે કોરોના પોઝિટિવના ૧૫૩ અને ગ્રામ્યમાં ૧૨ સાથે કુલ ૧૬૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૨૭૪૫ થયો છે. આજે વધુ ૫ દર્દીના મોત થતા અમદાવાદમાં કુલ મૃત્યુઆંક ૧૫૧૧ થયો છે. સુરત શહેરમાં ૨૦૨ અને ગ્રામ્યમાં ૬૭ સાથે ૨૬૯ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે સુરતમાં કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૭૩૦૭ થયો છે. આજે વધુ ૪ દર્દીઓના મોત થતા મૃત્યુઆંક ૨૦૬ થયો છે. વડોદરા શહેરમાં ૬૧ અને ગ્રામ્યમાં ૮ કેસ સાથે કુલ ૬૯ કોરોનાના કેસ આજે નોંધાયા છે. આની સાથે વડોદરા શહેરમાં કુલ સંક્રમિતનો આંકડો ૨૯૦૫ થયો છે. ગાંધીનગર કોર્પોરેશન ૧૦ અને ગ્રામ્યમાં ૨૧ સાથે કુલ ૩૧ દર્દીઓ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮૩૬ થયો છે. જ્યારે વધુ ૧ મોત સાથે મૃત્યુઆંક ૩૪ પહોંચ્યો છે.

રાજ્યના ૮ કોર્પોરેશન અને ૨૯ જિલ્લામાં કોરોના વાયરસે પગપેસારો કર્યો છે. જેમાં કોરોનાના આજે સૌરાષ્ટ્રના ભાવનગર કોર્પોરેશનમાં ૫૯ અને ગ્રામ્યમાં ૧૨ કેસ નોંધાયા છે. રાજકોટ કોર્પોરેશનમાં ૨૪ અને ગ્રામ્યમાં ૧૫, નવસારીમાં ૨૭, સુરેન્દ્રનગરમાં ૨૩ મહેસાણામાં ૨૧, ખેડામાં ૧૭, જામનગર કોર્પોરેશનમાં ૧૫ અને જિલ્લામાં ૮, બનાસકાંઠા અને ભરુચમાં ૧૪, જુનાગઢ કોર્પોરેશનમાં ૧૩ અને જિલ્લામાં ૫, ગીરસોમનાથમાં ૧૧, દાહોદ અને સાબરકાંઠામાં ૮-૮, આણંદ અને પંચમહાલમાં ૭-૭, મોરબી અને વલસાડમાં ૫-૫, છોટા ઉદેપુર, કચ્છ અને પાટણમાં ૪-૪, અમરેલી અને તાપીમાં ૩-૩ અરવલ્લી બોટાદમાં ૨-૨ અને પોરબંદરમાં ૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૪૯૩૪૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લામાં આજની તારીખે ૩૦૪૦૪૮ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૩૦૧૦૭૭ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૨૯૭૧ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરોન્ટાઈન રાખવામાં આવ્યા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૨૭૭૫ | ૧૫૧૨ | ૧૭૬૬૩ |
| સુરત | ૭૩૦૭ | ૨૧૨ | ૪૫૦૭ |
| વડોદરા | ૨૯૦૫ | ૫૧ | ૨૦૪૯ |
| રાજકોટ | ૫૬૮ | ૧૬ | ૧૮૧ |
| ભાવનગર | ૫૦૭ | ૧૩ | ૨૧૨ |
| ગાંધીનગર | ૮૨૬ | ૩૪ | ૫૯૫ |
| કચ્છ | ૨૨૮ | ૦૬ | ૧૩૨ |
| મહેસાણા | ૪૦૭ | ૧૪ | ૧૮૩ |
| ગીર-સોમનાથ | ૧૧૮ | ૦૧ | ૫૦ |
| પોરબંદર | ૨૩ | ૦૨ | ૧૭ |
| પંચમહાલ | ૨૩૧ | ૧૬ | ૧૬૭ |
| પાટણ | ૨૬૭ | ૧૮ | ૧૭૪ |
| છોટાઉદેપુર | ૭૫ | ૦૨ | ૫૨ |
| જામનગર | ૩૩૨ | ૦૯ | ૧૫૮ |
| મોરબી | ૬૦ | ૦૩ | ૨૪ |
| સાબરકાંઠા | ૨૩૮ | ૦૮ | ૧૪૬ |
| આણંદ | ૨૭૯ | ૧૩ | ૨૩૫ |
| દાહોદ | ૧૨૪ | ૦૧ | ૫૧ |
| ભરૂચ | ૩૮૮ | ૧૧ | ૧૯૨ |
| બનાસકાંઠા | ૩૧૧ | ૧૪ | ૧૮૭ |
| ખેડા | ૨૭૪ | ૧૩ | ૧૭૦ |
| બોટાદ | ૧૧૪ | ૦૩ | ૭૫ |
| નર્મદા | ૧૦૧ | ૦૦ | ૯૦ |
| અરવલ્લી | ૨૪૨ | ૨૪ | ૨૦૩ |
| મહીસાગર | ૧૬૫ | ૦૨ | ૧૧૮ |
| નવસારી | ૨૨૩ | ૦૨ | ૧૦૯ |
| તાપી | ૪૦ | ૦૦ | ૦૯ |
| વલસાડ | ૩૧૦ | ૦૫ | ૧૦૩ |
| જૂનાગઢ | ૨૪૬ | ૦૫ | ૭૦ |
| સુરેન્દ્રનગર | ૨૬૦ | ૦૮ | ૧૨૯ |
| દેવભૂમિ દ્વારકા | ૨૮ | ૦૩ | ૨૧ |
| ડાંગ | ૦૭ | ૦૦ | ૦૪ |
| અમરેલી | ૧૨૯ | ૦૯ | ૭૮ |
| કુલ | ૪૦૧૫૫ | ૨૦૨૪ | ૨૮૧૮૩ |

## અરવલ્લીની બદનસીબી સિવિલ હોસ્પિટલ તો છોડો... આઈસીયુ ઓન વ્હીલ એમ્બ્યૂલન્સ પણ નથી



અરવલ્લી જિલ્લાની રચનાને ૬ વર્ષનો સમય વિતી ગયો પણ સિવિલનું કામ ક્યાંથી ક્યાં પહોંચ્યું તેમાં કોઈને ક્યાંય ખ્યાલ જ નથી. હાલ કોરોનાની મહામારી વચ્ચે પોઝિટિવ કેસ વધવાની સાથે મૃત્યુઆંકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. સિવિલ બનાવવાની માંગ હવે ઉગ્ર બની છે, જનતાની ચિંતા કરવા અન્ય પક્ષ આગળ આવ્યો હોય કે ન આવ્યો હોય પણ સિવિલની માંગ સાથે કોંગ્રેસે મોરચો સંભાળી લીધો છે. પણ સિવિલ ક્યારે બનશે તે અંગે હજુ યક્ષ પ્રશ્ન છે. કોરોના દર્દીઓની સ્થિતિ ગંભીર બનતાં હિંમતનગર ખસેડવા માટે આઈસીયુ ઓન વ્હીલ જેવી એમ્બ્યુલન્સ પણ ન હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે સાથે લોકો આરોગ્ય તંત્રની નિષ્ફળ કામગીરી સામે અનેક ચર્ચાઓ ચાલી રહી છે જેમાં આરોગ્ય વિભાગને ખ્યાલ નહિ હોય કે ઈમરજન્સી માટે આઈસીયુ ઓન વ્હીલ જેવું એક વાહન આવે છે, જે દર્દી માટે ખૂબ જ ઉપયોગી બની શકે એમ છે ની ટીખળ પણ લોકો કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કેસ વચ્ચે દર્દીઓને રિફર કરવા માટે યોગ્ય વ્યવસ્થા નથી, પણ આરોગ્ય વિભાગના મોટા મોટા તબીબોને જરાય ખ્યાલ ન આવ્યો કે આઈસીયુ ઓન વ્હીલ જેવી એક વ્યવસ્થા છે, જે કોરોના પોઝિટિવ દર્દીઓ માટે આશિર્વાદ રૂપ સાબિત થઈ શકે. પણ ના, વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત કે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ આઈસીયુ ઓન વ્હીલની જાણકારીથી કેમ દૂર રહી તે પણ આંખે ખૂંચતો સવાલ છે.

અરવલ્લી જિલ્લામાં સિવિલ કોણ જાણે ક્યારે મળશે તે કહેવું મુશ્કેલ છે, પણ ઉચ્ચ આઈસીયુ ઓન વ્હીલની વ્યવસ્થા કરાવી દે તો પણ જિલ્લાની જનતા માટે આશિર્વાદરૂપ સાબિત થઈ શકે એમ છે, પણ જાણે કોઈને કંઈ જ રસ ન હોય તેવું લાગી રહ્યું છે. સાહેબ તમે જે જગ્યાએ કામ કરો છો, ત્યાંની જતના તમારા દેશની અને તમારા જ રાજ્યની છે. સાહેબ કોરોના અથવા અન્ય બિમારીથી જેનો પરિવાર વિખૂટો પડ્યો છે, તેના ઘરે જઈને જરા પૂછજો તો ખરા, તમારા પગ તળેથી જમીન ખસી જશે. કોઈ મા, તો કોઈએ પિતાની છત્રછાયા આવા સ્વાસ્થ્ય સુવિધાના અભાવે ગુમાવી દીધી, હવે તો બસ કરો.

### શું છે આઈસીયુ ઓન વ્હીલ... કઈ રીતે ગંભીર દર્દીઓ માટે આશીર્વાદરૂપ છે

આઈસીયુ ઓન વ્હીલ એક એવી વ્યવસ્થા છે કે, ઈમર્જન્સીમાં દર્દીઓન બીજી જગ્યાએ રીફર કરવામાં કોઈ જ અગવડ ન પડે અને વેન્ટિલેટર તેમજ ઓક્સિજન સહિતની સુવિધા આઈસીયુ ઓન વ્હીલમાં મળી શકે, સામાન્ય રીતે આઈસીયુ ઓન વ્હીલમાં વેન્ટિલેટર, મોનિટર, એ.સી., ઈન્ફ્યુઝન પંપ, ઓક્સિઝન, ઈમર્જન્સી દવાની કીટ, ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે, જેની કિંમત પણ અત્યાર સુધીમાં મળેલી ગ્રાન્ટમાંથી આવી શકત. સવાલ એ થાય છે કે આરોગ્ય વિભાગ તો કોરોનાના સંક્રમણથી વેન્ટિલેટર પર છે, પણ બીજા મોટા સાહેબોને આઈસીયુઓન વ્હીલનો વિચાર જરાય ન આવ્યો ? કે પછી આરોગ્ય વિભાગને ખ્યાલ જ ન રહ્યો સહિતની ચર્ચાઓએ જોર પકડ્યું છે.




### ડીસામાં કોરોનાની લોક જાગૃતિ અર્થે રેલી નિકળી

કોરોના મહામારીના પગલે સમગ્ર દેશ સહિત બનાશકાંઠા જિલ્લામાં પણ તેનું સંક્રમણ વધી રહ્યું હોઈ લોકોમાં કોરોના પ્રત્યે જાગૃતિ આવે તે માટે આજે ભારત વિકાસ પરિસદ ડીસા શાખા દ્વારા રેલી યોજવામાં આવી હતી જેને ડીસા નાયબ કલેક્ટર ડો. હિરેન પટેલ દ્વારા જલારામ મંદિર નજીકથી પ્રસ્થાન કરાવ્યું હતું. કોરોના પીડિતના પ્રતીકાત્મક મૃતદેહ સાથે બજારમાં ફરી જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો હતો તેમજ વિવિધ સુત્રોચાર કરી માસ્ક, સોશીયલ ડિસ્ટન્સ રાખવાની તકેદારી રાખવા માટે પણ વિનંતી કરાઈ હતી તેમજ આ રેલીમાં માસ્કનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આજની રેલીમાં વધુમાં વધુ લોકોમાં જાગૃતિ આવે તેમજ આ મહામારી કોરોના પ્રત્યે ગભીરતા આવે લોકો વધુને વધુ સાવચેત રહે તે માટેના વિવિધ સૂચનો અને વિવિધ બેનરો પણ આ રેલીમાં મુકવામાં આવ્યા હતા. કોરોના જાગૃતિ માટે યોજયેલ આ રેલીએ સમગ્ર શહેરમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

## મેઉ ગામ ખાતે વિતરીત ગેસ સિલિન્ડરોમાં ગેસનો ઓછો જથ્થો : મહેસાણા તોલમાપ વિભાગના દરાડો

### ગ્રાહકોને વિતરીત કરેલ બોટલોમાં ૧ કિલોથી ૩ કિલો જેટલો ગેસનો જથ્થો ઓછો જણાયો

આજરોજ મહેસાણા જિલ્લા તોલમાપ અધિકારી એન.એમ. રાઠોડ અને તેમના એલ.પી.જી. ગેસ બોટલોમાંના ગેસના જથ્થાની સઘન ઊંડી તપાસ હાથ ધરવામાં આવેલ. આ સિવિય એઝન્સીના ટેમ્પોમાં રાખેલ અન્ય ગેસ બોટલોને પણ ટેમ્પામાંથી ઉતરાવી માલુમ પડતા આ ૨૪ નંગ સીલબંધ એલપીજી ગેસની બોટલો જપ્ત કરી આ જલદીપ ગેસ એજન્સી





નિરક્ષરોની ટીમે મેઉ ગ્રામ ખાતે ગ્રાહકોને વિતરણ કરવામાં આવેલ એલ.પી.જી. ગેસ બોટલોમાં ગેસનો જથ્થો નિયત કર્યા મુજબ ૧૪.૨૦૦ કેજી. મળે છે કે કેમ ? તે અંગે ગામના રહીશોની શંકા અન્વયે આકસ્મિક મેઉ ગામ ખાતે જલદીપ ગેસ એજન્સી-ગોજારીયાની એજન્સી દ્વારા ગ્રાહકોને વિતરીત કરવામાં આવેલ

મેઉ ગામ ખાતે જલદીપ ગેસ એજન્સી-ગોજારીયા દ્વારા વિતરણ કરવામાં આવેલ ગેસના બોટલો મેઉ ગ્રામ પંચાયત ખાતે પરત મંગાવી એજન્સીના ડ્રાયવર અને ગામના રહીશોની હાજરીમાં વજન કરતાં કુલ બાર નંગ એલ.પી.જી. ગેસની સીલબંધ બોટલોમાં ગેસનો જથ્થો ૧ કેજી.થી ૨.૯૦૦ કેજી. ઓછો હોવાનું માલુમ પડ્યું હતું. વજન કરતાં આ ટેમ્પામાંની અન્ય કુલ ૧૨ બોટલ એલપીજી ગેસ બોટલોમાં પણ ૪૦૦ ગ્રામથી ૨.૭૦૦ કેજી. ગેસનો જથ્થો ઓછો માલુમ પડેલ.

આમ જલદીપ ગેસ એજન્સી ગોજારીયા દ્વારા ગ્રાહકોને વિતરીત કરવામાં આવતા એલ.પી.જી. ગેસના કુલ ૨૩ નંગ બોટલોમાં ગેસનો જથ્થો ઓછો ગોજારીયા સામે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ની કલમ-૩૦ની જોગવાઈઓનો ભંગ કરવા બદલ કાયદેસર કાર્યવાહી કરી પ્રોસીક્યુસન કેસ નોંધી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ છે. ઉપરોક્ત સમગ્ર કાર્યવાહીમાં એસ.વી. પટેલ સિનિયર નિરિક્ષક તથા જૈવિન ગજ્જર, જુનિયર નિરિક્ષક હાજર રહેલ હતા.

### ગ-માર્ગને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતુ જયારે હાલ આ માર્ગને અનુલક્ષીને વાઇડનીંગની કામગીરી ચાલી રહી છે.જે અન્વયે માર્ગની આસપાસના વિસ્તારમાં વાઇડનીંગને અનુલક્ષી ફુટપાથના બ્લોક પણ દુર કરી દેવાયા છે. આ ઉપરાંત માર્ગની આસપાસ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. ત્યારબાદ મેટલ પાથરીને માર્ગ પર ડામર કામ કરવામાં આવશે. જો કે ડામર કામ ચોમાસા બાદ શરૂ કરાશે. ગ માર્ગને સિકસલેન કરવા માટે અંદાજિત રૂ ૬૯ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ કાર્યયોજના અગાઉ ૧૮ મહીનામાં પુર્ણ કરવાનુ આયોજન હતુ જયારે કોરોનાની મહામારીના લીધે આ પ્રોજેકટની મુદત વધુ ૬ મહીના લંબાવાશે. નગરમાં ગ માર્ગ પર ટ્રાફિકની અવરજવર વધી ગઇ છે. ત્યારે ગ માર્ગ સિકસલેન થતા આગામી દિવસોમાં માર્ગ સલામતીના પરિબળો પણ જળવાશે. શહેરમાં ટ્રાફિક સિનારીયો આમ પણ બદલાયો છે. ત્યારે માર્ગો પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. વાહનોની સંખ્યા વધતા રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. ત્યારે આગામી દિવસોમાં શહેરના અન્ય મુખ્યમાર્ગોની જેમ નગરનો ગ માર્ગ પણ સિકસલેન બની જશે.

## માલપુર પોલીસે કારમાં કતલખાને લઈ જવાતા ત્રણ પશુઓને બચાવી લીધા

લોકડાઉન અનલોક થતાની સાથે પશુઓની ગેરકાયદેસર હેરાફેરી કરી કતલખાને લઈ જવા કસાઈઓ અધીરા બન્યા છે. પશુઓની હેરાફેરીમાં તગડો નફો રહ્યો હોવાથી કસાઈઓ કારમાં પશુઓની હેરાફેરી કરી કતલખાને ઘુસાડી રહ્યા છે ત્યારે માલપુરના ચોરીવાડ પાસેથી કારમાં ક્રૂરતાપૂર્વક બાંધી ૩ પશુઓને કતલખાને લઈ જવાતા હતા. જેને માલપુર પોલીસે ઝડપી લઈ લુણાવાડાના બે શખ્સો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે માલપુર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરતા ચોરીવાડા ગામ નજીક ગાડીમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાની ગાડીમાં ખીચોખીચ ક્રૂરતાપૂર્વક પાડાઓ માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા નહી રાખી કતલખાને લઈ જવાતા હતા. જેથી પોલીસે ગાડીમાંથી ૩ નંગ પાડાઓ જેની કિંમત રૂ.૧૫ હજાર તથા ગાડીની કિંમત રૂ.૩ લાખ મળી કુલ રૂપિયા ૩.૧૫ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી લીધા હતા. આ અંગે માલપુર પોલીસ સ્ટેશનમાં આરોપી વસીમભાઈ યુનુસભાઈ માલવણીયા અને સલમાન નિસાર અનારવાલા (બંને રહે. લુણાવાડા, જી. મહિસાગર) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### વધુ ૨૨ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાસન ગામેથી પણ એલ.આઈ.સી.માં નોકરી કરતા એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર ખસેડવામાં આવ્યા છે.

ગાંધીનગર નજીક વિકાસ પામી રહેલ કુડાસણ ગામેથી પણ આજે વધુ ૩ કેસ કોરોનાના મળી આવતાં તંત્રમાં ચિંતા ઘેરી બની છે. કુડાસણમાંથી એક ૪૬ વર્ષીય પુરૂષ, ૬૩ વર્ષીય મહિલા અને એક ૫૦ વર્ષિય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામેથી એક ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ પણ ગાંધીનગર નજીક આવેલ ગામ છે.

શહેર નજીક સેમી અર્બન વિસ્તાર તરીકે ડેવલપ થઈ રહેલા આ વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશનની આશંકા જન્મી છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી પણ આજે એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં અર્બન વિસ્તારમાંથી બે અને લોદરામાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં થઈ રહેલા ટેસ્ટીંગ માટે તંત્રએ છેલ્લા ૧૦ દિવસથી મૌન ધારણ કર્યુ છે. જો કે મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં હાલ ૧૪૨ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે હોસ્પિટલમાં દાખલ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં હાલ ૧૯,૪૬૬ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૧૯૩૮૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૫૧ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૩૦ લોકો પ્રાઈવેટ ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યા પછી દર્દીઓની સ્થિતિ અંગે પણ તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યુ છે. કેટલા દર્દીઓ વેન્ટીલેટર પર અને કેટલાક દર્દીઓની સ્થિતિ સ્થિર છે તે અંગે તંત્ર દ્વારા મૌન સેવવામાં આવતાં લોકોમાં ભયની લાગણી વધુ જોવા મળી રહી છે.

### ૧૦ કેસ નોંધાયા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ વિભાગમાં વર્ગ-૧ ના અધિકારી તરીકે નોકરી કરતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ અધિકારીના પરિવારના ૪ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગરના સીમાડે આવેલ જીઈબી કોલોનીમાં રહેતા માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સે. ૪-ડી માંથી એક ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અગાઉ તેમના પત્નીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તેમના પરિવારના અન્ય બે સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રએ તેમને મંજૂરી પણ આપી છે.

સે. ૪-એ માં રહેતા અને સિંચાઈ વિભાગમાં એન્જીનીયર તરીકે સેવાઓ આપતા એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

આ ઈજનેર અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જેને તંત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

શહેરના સૌથી ગીચ ગણાતા સે. ૨૪ ના આદર્શનગર વિસ્તારમાંથી એક ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન સોફ્ટવેર એન્જીનીયર છે અને વસ્ત્રાપુર અમદાવાદ ખાતે વ્યવસાય કરે છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે મળેલા દર્દીઓમાં એન્જીનીયર, અધિકારી, ઘરકામ કરતી શ્રમિક મહિલા, ગૃહીણી તેમજ માતા-પુત્રના કેસોનો સમાવેશ થાય છે. તંત્રની ચિંતા વધી રહી છે. શહેરમાં કેસોની સંખ્યા વધવાની સાથે મહિલા દર્દીઓની સંખ્યા જે વધી રહી છે તેનાથી તંત્ર વધુ ચિંતીત બન્યુ છે.

### એન્કાઉન્ટરમાં ઠાર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે મીડિયાની ગાડીઓ સતત જીહ્વ નાં કાફલા પાછળ ચાલી રહી હતી પરંતુ વિકાસ દુબેનાં એક્રાઉન્ટરનાં ઘટનાસ્થળથી ૨૦ કિલોમીટર પહેલાં જ મીડિયાની ગાડીઓ રોકી દેવામાં આવી હતી.

કાનપુરના ન્ઈ હોસ્પિટલના ડોક્ટર આરબી કમલે જણાવ્યું કે, ઘાયલ ત્રણ પોલીસકર્મીઓની હાલત સ્થિર છે.અને વિકાસ દુબેને ત્રણ ગોળી છાતીના ભાગમાં અને એક ખભાના ભાગે વાગી હતી.

આ અંગેની વિગત એવી છે કે, ગુરુવારે સવારે જ મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાંથી પોલીસ વિકાસની ધરપકડ કરી હતી. વિકાસ સાત દિવસથી ફરાર હતો. ત્યાબાદ મધ્ય પ્રદેશની પોલીસે વિકાસ દુબેને ઉજ્જૈનની કોર્ટમાં રજૂ કરીને સાંજે યુપી એસટીએફને સોંપી દીધો હતો. અને તેને લઈને યુપીની પોલીસ કાનપુર જઈ રહી હતી.

તે દરમ્યાન, રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે ગાડીમાં ડ્રાઈવર સિવાય ત્રણ જીહ્વના જવાન પણ હતા. ઘટના સમયે કાનપુરમાં ભૌતી વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો હતો. વરસાદ સામાન્ય જ હતો પરંતુ સાંકડા રસ્તાના કારણે ત્યાં કીચડ થઈ ગયો હતો અને તેના કારણે ગાડી પલટી ગઈ હતી.

વિકાસ પાછળની સીટમાં વચ્ચે બેઠો હતો. બંને બાજુ જીહ્વના જવાન બેઠા હતા. ગાડી પલટી ખાતા વિકાસે ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. તેણે એક પોલીસ કર્મીની ૯ દ્ધદ્ધ પિસ્તોલ લઈને ભાગ્યો હતો. પાછા વળીને ગોળી પણ ચલાવી હતી. જીહ્વની જવાબી કાર્યવાહીમાં એક ગોળી એની કમરમાં વાગી અને બીજી છાતીમાં વાગી હતી. જો કે તે વખતે તેને હાથકડી પહેરાવવામાં આવી હતી કે કેમ તે હજુ પોલીસ તરફથી કહેવામાં આવ્યું નથી.

ગેંગસ્ટરને છાતીમાં ૩ ગોળી વાગી હોવાનું બહાર આવ્યું છે. બિકરુ હત્યાકાંડના મુખ્ય આરોપી ગેંગસ્ટર દુબેનું શુક્રવારે સવારે કાનપુર જીહ્વ સાથે એક્રાઉન્ટરમાં મોત થયું છે. આ એક્રાઉન્ટર કાનપુરથી માત્ર ૧૭ કિમી દૂર ભૌતી નામની જગ્યાએ થયું હતું. કાનપુરમાં આ એક્રાઉન્ટર સવારે ૬.૧૫થી ૬.૩૦ની વચ્ચે થયું હતું.

રિપોટ્સમાં જણાવ્યા પ્રમાણે, જીહ્વના બે જવાન પણ ઘાયલ થયા છે. માનવામાં આવે છે કે વિકાસ દુબેને હેલેટ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો ત્યાં સુધી તે જીવતો હતો પરંતુ તેની સ્થિતિ ખૂબ ગંભીર હતી. થોડી વારમાં જ હોસ્પિટલમાં તેનું મોત થયું હતું. ઘટના સમયે પણ વિકાસે બ્લૂ લાઈનિંગ વાળી ટી-શર્ટ પહેરી હતી, જે તેણે ગુરુવારે ઉજ્જૈનમાં ધરપકડ વખતે પહેરી હતી.

### મહત્વની બેઠક...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત છેલ્લી ઘડીએ પણ એક-બે દરખાસ્તો તંત્ર તરફથી રજુ થવાની ધારણાઓ સેવાઈ રહી છે. જો કે તંત્ર દ્વારા આ માટેની દરખાસ્તોને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં લેવાનારા નિર્ણયો મહત્વના પૂરવાર થશે તેમજ શહેરમાં વિકાસના કામો પુનઃ ધમધમતા થશે તેમ મનાઈ રહ્યું છે.

### ચીન પહોંચી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને ૧૨૦ દેશોની માંગને લીધે વિશ્વ સ્વાસ્થ સંગઠનને પણ મજબૂર બની જાહેરાત કરવી પડી હતી કે તે વાયરસના ઉદભવને લઈને તે એક નિષ્ણાંતોની ટીમ ચીન મોકલશે. દુનિયાભરમાં મહામારી ફેલાવાની શરુઆતમાં જ ડબ્લ્યુએચઓ પર આરોપ લાગ્યા હતા કે મહામારી મુદ્દે તે ચીનને બચાવી રહ્યુ છે અને તેને સાથ આપી રહ્યુ છે. આ જ કારણસર તાજેતરમાં અમેરિકાએ ડબ્લ્યુએચઓથી સત્તાવાર રીતે અલગ થયું છે. વિશ્વમાં કોરોનાના ચેપના કેસો સવા કરોડથી વધી ગયા છે જ્યારે સાડા પાંચ લાખથી વધુ લોકો આ બીમારીમાં માર્યા ગયા છે. અમેરિકા, બ્રાઝિલ અને ભારત એવા ત્રણ દેશ છે જ્યાંથી રોજના કુલ એક લાખથી વધારે કેસ સામે આવી રહ્યા છે.